# દેવદ્રવ્યની રૂઢિ

જેમ માણુસો નસિબવાળા હોય છે અને કમનસિબ પણુ હોય છે તેમ શબ્દો પણુ કેટલાક નસિબવાન હોય છે અને કેટલાક કમનસિબ હોય છે. જે શબ્દની અને જેના અર્થની સિદ્ધિ માટે કોઇ શાસ્ત્રાધારની જરૂર ન પડે તેમ બીજા પણુ કોઇ આધારની જરૂર ન પડે તે શબ્દો નસિબવાળા છે. જેવા કે; કાળું બજાર, લાંચ, અસત્ય અને અનીતિ વગેરે. આ શબ્દો કયાંથી આવ્યા ? એમને માટે શાસ્ત્રમાં કોઇ આધાર છે કે કેમ ? એવી કોઇ તકરાર ઉભી જ થતી નથી. ઉલટું એ શબ્દો અને તેમના અર્થો કોઇ પણુ શાસ્ત્રના કે બીજા પ્રમાણુના આધાર વિના જ તરત લોકોના આચારમાં ફેલાયેલા છે. માટે જ એ શબ્દો ભારે નસિબવાળા કહેવાય છે, ત્યારે હરિજન, મૂર્તિ, તિથિ અને દેવદ્રવ્ય વગેરે શબ્દો બિચારા તદ્દન કમનસિબ છે. ધર્માત્મા લોકો (?) એ 'હરિજન' વગેરે શબ્દો સાંભળતાં જ એવું પૂછવા મંડી જાય છે કે 'હરિજન' શબ્દ કયા શાસ્ત્રમાં છે ? શું એ શબ્દ વેદમાં છે ? મહાભારતમાં કે ઉપનિષદોમાં છે ? હોય તો ત્યાં તેનો અર્થ કેવા પ્રકારનો છે ? એ જ રીતે મૂર્તિ; મૂર્તિપૂજા કયા શાસ્ત્રને આધારે છે ? શાસ્ત્રમાં એનો કોઇ ઉલ્લેખ છે ખરો ? તિથિ ઉગતી માનવી કે આથમતી માનવી ? એ વિશે ખુદ ભગવાન મહાવીરે શું કહ્યું છે ? કેવું કહ્યું છે ? એ ધર્માત્મા મહાત્મા લોકો કહે છે કે અમે તો ખુદ મહાવીર ભગવાનનું જ વચન માનવાના છીએ. બીજા કોઇનું હરગિજ નહીં—બીજા કોઇનું વચન માનીને અમે વિરાધક થવા નથી ઇચ્છતા. એ જ પ્રમાણે 'દેવદ્રવ્ય' શબ્દ માટે પણુ વિવાદ શરૂ થયેલ છે. એ શબ્દ કયા શાસ્ત્રમાં છે? શું મૂળશાસ્ત્રમાં છે? બીજા શાસ્ત્રોમાં છે? ખરી રીતે તો ડહી માના ડાહ્યા દીકરા વાણિયા આ વિવાદને છેડવો મૂકી દે અને વ્યવહારૂ રીતે તેનો ઉકેલ આવી જાય એવો પ્રયાસ કરે એ જ એમના પક્ષમાં વિશેષ હિતકર છે. નહીં તો 'કોઠી ધોયે કાદવ નીકળે' એવી વાત થવાની છે. 'દેવદ્રવ્ય' ગમે તે રીતે ઉભું થયું હોય વા મૂળશાસ્ત્રમાં કે બીજે પણુ તેનો કશો ઉલ્લેખ હોય કે ન હોય તો પણુ જે રૂઢ પરંપરાથી એ ચાલતું આવે છે તે રૂઢપરંપરાને વિશેષ વિશાળ બનાવી દેવદ્રવ્યનો ઉપયોગ જૈનોનાં તમામ ક્ષેત્રોમાં જૈનોને હિતકર થાય એ રીતે કરવામાં આવે તો આ વિવાદ એક પળમાં જ શમી જાય અને જૈન સમાજને એ દેવદ્રવ્ય હિતકર નિવડે. પ્રસ્તુત વિવાદનો આ વ્યવહારૂ ઉકેલ છે. પણુ એ હાલ તુરત તો કોઇને ગળે એકદમ ઉતરે એવી આશા ઉગતી નથી અને શાસ્ત્રજડ લોકો તો જાણે શાસ્ત્રના અક્ષરેઅક્ષરને વળગીને પોતાની પ્રવૃત્તિ ન કરતા હોય એ રીતે 'દેવદ્રવ્ય'ની ચાલુ રૂઢિને જ ટકાવવા ધમપછાડા કરી રહેલ છે. એ લોકોને દેવદ્રવ્યના સદુપયોગથી થતા લાભની અને રૂઢ પરંપરા પ્રમાણે થતા ઉપયોગથી થતી હાનિની જરા પણુ પરવા નથી. એઓ તો કહે છે કે અમે તો શાસ્ત્ર પ્રમાણે જ ચાલવાના છીએ. આમ કહીને એ લોકો તટસ્થ રીતે શાસ્ત્રોનું અવલોકન કરતા નથી. ખરી રીતે તો તે લોકો મોટા ભાગે શાસ્ત્રના અવલોકનની શકિત જ ધરાવતા નથી. પરંતુ તે લોકો શાસ્ત્રનું નામ લઇને ભોળી જનતામાં મોટો વિક્ષેપ ઉભો કરે છે, કુસંપનાં બી વાવે છે, જેને પરિણામે વર્તમાનમાં આપણો દેશ કેવળ શાસ્ત્રને જ નામે છિન્નભિન્ન થઇ રહેલ છે અને ભાઇભાઇમાં પણુ પરસ્પર દ્વેષની જાળો ફેલાઇ રહી છે. શાસ્ત્રો બિચારાં મૂગાં છે એટલે તેનાં વચનોને જેમ ફાવે તેમ મરડી શકાય છે. વળી શાસ્ત્રજડ લોકોને મન કોઇ પણુ સંસ્કૃતની લીંટી કે માગધી ભાષાની ગાથા, તે ગમે તેણે રચી હોય તે પણુ શાસ્ત્રની વ્યાખ્યામાં આવી જાય છે. આ પરિસ્થિતિ તટસ્થ અને ઇતિહાસદૃષ્ટિપ્રધાન વિચારક માટે ભારે જોખમરૂપ છે. એ વિચારક તો શાસ્ત્રની વ્યાખ્યા તથા મર્યાદા સમજે છે એટલે તે ગમે તે સંસ્કૃત વચનને વા માંગધી ભાષાની ગાથાને શાસ્ત્ર માનીને નહીં જ ચાલે. એથી શાસ્ત્રજડ લોકોમાં તેના ઉપર શાસ્ત્રને નહીં માનવાનો આક્ષેપ ઉભો થવાનો. તેમ છતાં જયારે વિચાર જ કરવો છે ત્યારે એ અને એવા બીજા આક્ષેપોને પણુ વહોરીને વિચારકે વિચાર જ કરવાનો રહ્યો. વિચારક પુરૂષો તો શાસ્ત્ર કરતાં પણુ અનુભવ અને વર્તમાન દેશકાળ તથા બદલાયેલી પરિસ્થિતિને જ સવિશેષ મુદ્દાની ગણે છે અને તે બધાંને અનુલક્ષીને જ કોઇ પણુ વિવાદનો ઉકેલ આણુવાની ભલામણુ કરે છે. એ ભલામણુ પ્રમાણે વિવાદનો ઉકેલ લાવવામાં આવે તો જે દેવદ્રવ્યનો વિવાદ સમાજમાં વિક્ષેપક બન્યો છે તે તેમ ન થાત અને સંચિત થએલું દેવદ્રવ્ય જે આજલગી આમને આમ પડી રહેલ છે વા તેનો સંકુચિત ઉપયોગ થતો આવેલ છે તે મટી એ સઘળું દ્રવ્ય સમાજના સાતે ક્ષેત્રોના પ્રભાવ માટે વિશેષ નિમિત્ત બનત. પણુ ભારતવર્ષની પ્રજાનાં અને તેમાં ય જૈનપ્રજાનાં એવાં ભાગ્યનો ઉદય થવાની હાલ તુરત આશા રાખવા જેવું વાતાવરણુ જ નથી. માટે જ આ નીચે દેવદ્રવ્યની રૂઢિનો ઇતિહાસ અને તેના ઉપયોગ વિશે થોડીક શાસ્ત્રીય હકીકત આપવામાં આવે છે.

જૈનપરંપરામાં એવી કેટલીયે રૂઢિયો ચાલી આવે છે કે જેમને કેવળ તે ચાલી આવે છે માટે જ પ્રમાણુરૂપ માનવામાં આવે છે. એમને માટે શાસ્ત્રાધાર હોય કે ન હોય કેવળ સામાજિક શ્રેય માટે જ તે અશાસ્ત્રાધાર રૂઢિઓને પણુ ચાલતી રાખવામાં આવે છે. એવી રૂઢિઓમાં દેવદ્રવ્યની રૂઢિનો સમાવેશ થઇ શકે તેમ છે. પ્રસ્તુત લેખમાં બીજી બીજી રૂઢિ વિશે પ્રધાનતઃ લખવાનું નથી, પરંતુ દેવદ્રવ્યની રૂઢિ વિશે જ પ્રધાનપણે ચર્ચા કરવાની છે અને તેને અંગે અનુષંગે જે કાંઇ મૂર્તિપૂજાની રૂઢિ વિશે લખવું પડે તે લખાવાનું છે.

'દેવદ્રવ્ય' શબ્દ અખંડ નથી, પણુ 'દેવ' અને 'દ્રવ્ય' એમ બે શબ્દનો એ શબ્દ તત્પુરૂષ સમાસદ્વારા બનેલો છે. **देवस्य द्रव्यम् देवद्रव्यम्** એમ એ શબ્દનો સમાસ છે અને તે ષષ્ઠીતત્પુરૂષસમાસ છે. જૈનપરંપરામાં જે દેવો પૂજનીય છે તેમનું લક્ષણુ આ પ્રમાણે છે. રાગદ્વેષ વગરના, આસકિત વગરના જે તીર્થંકરો છે તેમને જૈન પરંપરા પ્રધાનતઃ પૂજનીય દેવરૂપે માનતી આવી છે. આ જોતાં એવા દેવોને કોઇ પ્રકારનું દ્રવ્ય હોવાનો સંભવ જ નથી. તો પછી પ્રસ્તુત 'દેવદ્રવ્ય' શબ્દ કેમ ઉભો થયો? આ પ્રશ્નના સમાધાન માટે અહીં જરા સવિશેષ ઉંડા ઉતરીને વિચારવું રહ્યું.

મહાવીરસ્વામીનું ધર્મચક્ર અહિંસાના પાયા ઉપર છે અને એ અહિંસાનો આધાર સંયમ અને તપ ઉપર છે. સંયમ અને તપ વિના એ તેજસ્વી અહિંસાનો સંભવ જ નથી. ભગવાન મહાવીરે જે સાધના કરેલ છે તેમાં એ તેજસ્વી અહિંસાનો જ સવિશેષ પ્રભાવ છે. જયાં જયાં ધન ધાન્ય પશુ કે માનવ વગેરેનો પરિગ્રહ દેખાતો હોય ત્યાં ત્યાં સંયમ અને તપનો ઓછો સંભવ છે. માટે જ ખુદ ભગવાન મહાવીર પણુ અચેલક થઇને સાધનાને પંથે વળ્યા અને તેમના યથાર્થ અનુયાયીઓએ પણુ એ જ રસ્તો પકડયો. શ્રી મહાવીરસ્વામીની સાધનાનાં અંગસૂત્રમાં આવેલાં પ્રકરણો વાંચતાં તેમની અસંગ વૃત્તિ, અપરિગ્રહવૃત્તિ અને જે કઠોર મનોનિગ્રહ, શરીરદમન વગેરે દેખાય છે તે ઉપરથી તો એમ સ્પષ્ટ કળી શકાય છે કે તેમના અંગેનું કોઇ પ્રકારનું દ્રવ્ય કલ્પી જ કેમ શકાય? તેમ તેઓ ખુદ તેવા દ્રવ્યનો ઉપદેશ કરે એ પણુ કેમ કલ્પાય? હા, એમણે સ્થાપેલ છે માટે એમનું શાસન કહેવાય, એમનો સંઘ કહેવાય. જેમાં એમની વાણીનો અર્થરૂપે કે શબ્દરૂપે સંગ્રહ છે તે શાસ્ત્રો એમનાં કહેવાય. પણુ જે ધન, આભૂષણુ, ખેતર કે વાડી વગેરે પરિગ્રહનો સંબંધ એમની સાથે કોઇ રીતે

જોડી શકાતો નથી તે બધું તેમનું દ્રવ્ય છે એમ કઇ જીભ બોલી શકે? વા તેમના જે ઘોરતપસ્વી અનુગામી શ્રમણો થયેલા છે તેઓએ તેમને માટે દ્રવ્યની વાત કરેલી છે એમ પણ કેમ કહી શકાય? એ અનુગામી શ્રમણો એટલા બધા અસંગ, અમમત્વી અને અપરિગ્રહી હતા કે તેઓ આ દેવદ્રવ્યની રૂઢિ વિશે કશું પણ સાક્ષાત્ વા આડકતરી રીતે કાંઇ કહી ગયા છે એમ પણ કલ્પી શકાય એમ નથી. આમ છતાં 'દેવદ્રવ્ય છે' 'દેવમંદિર છે' એ વ્યવહારનો અપલાપ પણ થઇ શકે તેમ નથી, એટલા માટે જ આચાર્યશ્રી હરિભદ્રસૂરિ પોતાના સંબોધપ્રકરણમાં એ વિશે સ્પષ્ટ ખુલાસો આપતાં આ પ્રમાણે જણાવે છે,

**न हु देवाण वि दव्वं संगविमुक्काण जुज्जए किमवि ।**
**नियसेवगबुद्धीए कप्पियं देवदेव्वं तं ॥**

સંબોધપ્રકરણ* ગાથા ૯૦ પૃષ્ઠ ૪

અર્થાત્ જે દેવો સંગ વગરના છે–આસક્તિ વગરના છે તેમની સાથે કોઇપણ રીતે 'દ્રવ્ય' નો સંબંધ જોડી શકાતો નથી, પરંતુ તે દેવના સેવકે—તે દેવના ઉપાસકે—તે 'દેવદ્રવ્ય' કલ્પી કાઢેલું છે અર્થાત્ આચાર્યશ્રી હરિભદ્ર કે જેઓ મહાગીતાર્થ છે, સૂત્રોના ટીકાકાર છે અને જેમના પ્રામાણ્ય વિશે કોઇ શંકા કરી શકે તેમ નથી એવા આપ્તપુરૂષ છે તેઓ સ્પષ્ટપણે એમ જણાવે છે કે 'દેવદ્રવ્ય' શબ્દ કલ્પિત છે અને તે કલ્પના દેવના સેવકોએ કરેલી છે.× આ સ્થળે આ કલ્પનાનો ઇતિહાસ પણ જોવો પડશે કે દેવના અસંગ અને અપરિગ્રહી સેવકોને પણ એવા કયા સંયોગોમાં આવી કલ્પના કરવી પડી. આ વિષે ઘણું સવિસ્તર લખી શકાય એમ છે,* પરંતુ એવા વિસ્તારનું આ સ્થાન નથી માટે એ ઇતિહાસ અહીં સંક્ષેપમાં જ રજુ કરૂં છું.

જૈન શાસનનો વિશુદ્ધ આચાર પાળવો કેટલો બધો કઠણ છે એ આપણે તથા બીજા તીર્થના અનુયાયી લોકો પૂરેપૂરૂં સમજે છે. એ વિશુદ્ધ આચારને પાળવા સાધકે અસંગ, અપરિગ્રહી અને પૃથગ્જનોના સહવાસથી સર્વથા અલિપ્ત રહેવું પડે છે તથા એકાંતવાસ સ્વીકારી આકરૂં દેહદમન કરવું પડે છે. આ જાતની સાધના જનસમૂહને માટે સુકર છે એમ ન કહી શકાય. જનસમૂહને પણ ધર્મમાર્ગમાં યોજવો રહ્યો. એ દૃષ્ટિએ જ અનુભવી જ્ઞાની પુરૂષોએ સર્વવિરતિ (સંન્યાસ) અને દેશવિરતિ (ગૃહસ્થધર્મ) એવા કર્મકાંડના બે ભેદ પાડયા. કેવળ ભેદ પાડવાથી જ કાંઇ જનસમૂહ જૈનધર્મ પ્રત્યે ખેંચાય તેમ ન હતો. તે માટે તો વારંવાર ઉપદેશની જરૂર હતી. શ્રમણો કેવળ અસંગ રહી એકાંતમાં જ પોતાની જીવનયાત્રા વીતાવે તો આ ઉપદેશની શક્યતા જ ન હતી. માટે લોકોપકારી શ્રમણોએ પોતાની એ અસંગતાને માટે અમુક મર્યાદા મૂકી અને એ મર્યાદામાં એ શ્રમણો ઉપદેશદ્વારા લોકોના સંસર્ગમાં આવવા લાગ્યા, પણ તેમણે રહેવું કયાં? ઉપદેશ કયાં દેવો? ઉપદેશ સાંભળનારા કયાં ભેગા થાય? વગેરે આને અંગે આવા અનેક પ્રશ્નો ઊભા થયા. આ તમામ પ્રશ્નોનું તે કાળનાં ચૈત્યોએ એકસામટું સમાધાન કરી નાખ્યું. વાંચનારને થશે કે આ વળી 'ચૈત્યો' શું છે? તો તે વિશે પણ થોડું વીગતથી લખવું પડે એમ છે. 'चैत्य'† શબ્દની વ્યુત્પત્તિ 'चिता' ઉપરથી થાય છે. 'ચિતા'નો અર્થ આમ જનતા જાણે છે. જે સ્થળે ધર્મવીર કે કર્મવીર શૂરા લોકોની 'ચે' ખડકાતી અને અગ્નિદાહ થતો તે સ્થળે એ ચૈત્યોને નિર્માણ કરવાની રીત હતી. એ ચૈત્યો સ્મારકરૂપે જ બનતાં. ચૈત્યો છત્રીના રૂપમાં, ઓટલાના રૂપમાં કે વૃક્ષ વા જળાશયના રૂપમાં એમ અનેક આકારમાં રચવામાં આવતાં. છત્રીના રૂપમાં ચણેલાં ચૈત્યો રહેવા લાયક બનતાં એટલે અસંગ શ્રમણોએ કેવળ લોકોપકારને સારૂ ધર્મોપદેશની પ્રવૃત્તિને સારૂ એ ચૈત્યોનો આશ્રય સ્વીકાર્યો એટલે હવે એ શ્રમણોએ ચૈત્યોમાં રહેવાની પ્રવૃત્તિ શરૂ કરી. આ પ્રવૃત્તિનું નામ 'ચૈત્યવાસ' કહેવાય છે. પટ્ટાવલીઓમાં જણાવવામાં આવેલ છે કે શ્રી વીરનિર્વાણ પછી ૬૦૯ વર્ષે દિગંબર શાખા ઉત્પન્ન થઇ અને વિરનિર્વાણાત્ ૮૮૨ વર્ષે ચૈત્યવાસી શાખાનો આવિર્ભાવ થયો. ૮૮૨ વર્ષે એટલે વિક્રમ સંવત ૪૧૨ –વિક્રમનો પાંચમો સૈકો. શરૂઆતમાં એ ચૈત્યવાસી શ્રમણોની પરંપરાએ પોતાની અસંગતા અને અપરિગ્રહવૃત્તિ તરફ પૂરેપૂરૂં લક્ષ્ય આપ્યું જ હશે, પણ પાછળથી એ સંસ્થા ઘણી મંદ પડી ગઇ, પરિગ્રહી બની ગઇ અને એમાંથી જ 'ચૈત્યદ્રવ્ય'ની પેદાશ થઇ. આગળ કહ્યા પ્રમાણે એ ચૈત્યો કેવળ સ્મારકરૂપે હતાં તે હવે એટલે એમાં શ્રમણો ઉપદેશ માટે વસવા આવ્યા તેથી પૂજનીય પણ ગણાવા લાગ્યાં અને એ ચૈત્યોની વ્યવસ્થા તથા રક્ષા માટે દાની લોકોએ દાન પણ દેવાં શરૂ કર્યાં.–(આ દાનમાં પ્રધાનપણે જમીનો હતી, પણ પાછળથી રોકડ રકમો પણ ભેગી થવા માંડી. ચૈત્યોમાં દીવાબતી માટે લોકો ઘી તથા કોપરેલની બોલી બોલવા લાગ્યા અને એ રીતે દીવા માટે ઘી અને કોપરેલ વગેરે આવવા લાગ્યું. વર્તમાનમાં ઘી બોલવાની જે પ્રથા છે તેનું મૂળ એ ચૈત્યોમાં બાળવાના ઘીની વ્યવસ્થામાં છે, પણ પાછળથી આ ઘીની બોલીને રોકડ નાણાના સંચય માટે ઉપયોગમાં લેવામાં આવી.) આચાર્યશ્રી હરિભદ્રનો સમય વિક્રમનો આઠમો નવમો સૈકો સ્થિર થયેલો છે અને તેઓ તેમના સમયનાં ચૈત્યવાસીઓની દશા આ પ્રમાણે પોતાના સંબોધપ્રકરણમાં પૃ. ૧૩ થી ૧૮ સુધીમાં વર્ણવે છે: "ચૈત્યવાસી સાધુઓ ચૈત્યમાં અને મઠમાં રહે છે, પૂજા કરવા રૂપ આરંભની એટલે હિંસાની પ્રવૃત્તિ કરે છે, પોતાની જાત માટે દેવદ્રવ્યનો ઉપયોગ કરે છે, જિનમંદિર અને શાળા એટલે સંભવ છે કે પૌષધશાળા ચણાવે છે, મુહૂર્તો કહી દે છે, નિમિત્તો બનાવે છે અને ભભૂતિ પણ નાંખે છે, તે સાધુઓ વિવિધરંગનાં સુગંધિત અને ધૂપિત કપડાં પહેરે છે, સ્ત્રીઓની સામે ગાય છે, સાધ્વીઓએ લાવેલી વસ્તુઓ વાપરે છે, તીર્થના પંડયાની જેમ અધર્મવડે ધનનો સંચય કરે છે, બેત્રણવાર ખાય છે, તંબોલ વગેરે વાપરે છે. ઘી, દૂધ વગેરે ગળચે છે, ફળો, ફૂલો અને સચિત પાણીનો પણ ઉપયોગ કરે છે, જમણવારને પ્રસંગે મિષ્ટાન્ન મેળવે છે, ભોજનને મેળવવા સારૂ ખુશામત કરે છે, પૂછતાં છતાં પણ સત્ય ધર્મને બતાવતા નથી, સવારે સૂર્ય ઊગતં જ ખાય છે, વારંવાર

---

* આ પુસ્તક અમદાવાદવાળા શેઠ મનસુખભાઇ ભગુભાઇ દ્વારા પ્રકાશિત થયેલ છે એમ મને યાદ છે.

× જે ભાઇબહેનો આ વિશે સવિસ્તર જાણવા ઇચ્છતા હોય તેઓ 'જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ' એ પુસ્તક સાદ્યન્ત જરૂર વાંચે.

* વૈદિકપરંપરામાં મૂર્તિપૂજાની પદ્ધતિ ઘણા સમયથી પ્રચલિત છે, આ મૂર્તિપૂજાના નિભાવ માટે, મંદિરોની વ્યવસ્થા અને રક્ષા માટે તે પરંપરાનાં વિદ્વાન બ્રાહ્મણોએ એક 'દેવસ્વ' શબ્દ યોજેલો છે. 'દેવસ્વ' એટલે દેવનું ધન. આ ધનમાં જમીન–જાગીર. પશુ, રોકડ તથા માનવ વિગેરેનો સમાવેશ થયેલ છે. દેવદાસી પણ 'દેવસ્વ'માં સમાવેશ પામે છે, આ શબ્દનાં વ્યવહારને જોઇને જૈન ઉપાસકોને 'દેવદ્રવ્ય' શબ્દ કલ્પવાની સ્ફુરણા થઇ હોય તે બંધબેસતું છે. 'દેવસ્વ' નો ઉલ્લેખ મારી યાદી પ્રમાણે કૌટિલીય અર્થશાસ્ત્રમાં આવે છે.

† આચાર્ય હરિભદ્રે અને આચાર્ય મલયગિરિએ **चित्तम् आह्लादयति इति चैत्यम्** એવી પણ 'ચૈત્ય' શબ્દની નિરૂક્તિ બનાવેલી છે અર્થાત્ ચિત્તને આહ્લાદ આપે તે ચૈત્ય. મને લાગે છે કે આ કેવળ નિરૂક્તિ છે. વ્યુત્પત્તિ તો 'ચિતા' કે 'ચિતિ' શબ્દ સાથે સંબંધ રાખે છે. આ માટે વધારે જોવાના ઇચ્છુકોએ 'જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ' પુસ્તક પૃ. ૯૬ થી ૧૨૫ સુધી જોઇ જવું.

ખાય છે, ઘી, દૂધ વગેરે વિગઇઓને વારંવાર ખાય છે, લોચ કરતા નથી, શરીર ઉપરનો મેલ ઉતારે છે, જોડા-પગરખાં-પહેરે છે, કારણુ વગર કેડ ઉપર કપડું વીંટે છે, પોતે ભ્રષ્ટ હોવા છતાં બીજાઓને આલોચના-પ્રાયશ્ચિત્ત-આપે છે, થોડી ઉપાધિનું પણુ પડિલેહણુ કરતા નથી, વસ્ત્રો, શય્યા-પથારી, જોડા, વાહન, આયુધ અને તાંબા વગેરેનાં પાત્રો રાખે છે, નહાય છે, તેલ ચોળાવે છે, શણગાર સજે છે, અત્તર ફુલેલ ધાલે છે, 'અમુક ગામ મારૂં' 'અમુક કુલ મારૂં,' એમ મમતા રાખે છે, સ્ત્રીઓનો પ્રસંગ રાખે છે, શ્રાવકોને કહે છે કે મર્યા પછવાડે કારજ કરતી વેળાએ જિનપૂજા કરો અને મરેલ માણસનું ધન જીનચૈત્યમાં આપો, અંગસૂત્રોને વાંચી સંભળાવવા બદલ નાણાં લે છે, પૌષધશાળામાં કે ગૃહસ્થના ઘરમાં ખાજાં વગેરેનો પાક કરાવે છે, નાંણુ મંડાવે છે, શ્રાવકોને સુક્ષ્મ વાતો કહેવાની ના પાડે છે, સાધુઓની પ્રતિમા (વિષેષ પ્રકારના અભિગ્રહવાળું તપ) કરતા નથી, પોતાના ભ્રષ્ટ-હીનાચારી-ગુરૂઓનાં દાહસ્થળો ઉપર પીઠો ચણાવે છે, બલિદાનો દે છે, કેવળ સ્ત્રીઓની સામે પણુ વખાણુ વાંચે છે, ભિક્ષા લેવાં ફરતા નથી, સૌની સાથે મંડળીમાં બેસીને ભોજન કરતા નથી, આખી રાત ઘોરે છે, ગુણવંત તરફ દ્વેષ કરે છે, લેવડદેવડ કરે છે, પ્રવચન કરવાનું બાનુ બતાવીને વિકથાઓ કરે છે, પૈસા આપીને નાના બાળકોને ચેલા બનાવવા સારૂ વેચાતા લે છે, ભોળા લોકોને ઠગે છે, જિનમૂર્તિઓને વેચે છે અને ખરીદે છે, મારણુ મોહન વશીકરણુ અને ઉચ્ચાટન કરે છે, વૈદું કરે છે, જંતરમંતર અને દોરાધાગા કરે છે, ધર્મની પ્રભાવનાનું બાનું બતાવીને લડાલડી કરે છે, સુવિહિત સાધુઓ પાસે શ્રાવકોને જવાની મનાઇ કરે છે. શાપ વગેરેનો ભય દેખાડે છે, વ્યાજવટું અને ધીરધાર કરે છે, શાસ્ત્રમાં નહીં જણાવેલા તપની પ્રરૂપણા કરી તેનાં ઉજમણાં કરાવે છે, પોતાને માટે વસ્ત્ર, પાત્ર, બીજાં ઉપકરણો અને ધન પોતાના માનીતા ગૃહસ્થને ત્યાં ભેગું કરાવે છે, જ્ઞાનકોશની વૃદ્ધિને બહાને ધનને ભેગું કરે છે અને કરાવે છે, તે બધામાં કોઇનો સમુદાય પરસ્પર મળતો નથી, પરસ્પર એ બધા વચ્ચે વિખવાદ કરે છે, તેઓ પોતપોતાની બડાઇ કરે છે, શુદ્ધ સામાચારીનો વિરોધ કરે છે, સૌ સ્વચ્છંદે ચાલે છે, ધમાધમ કરે છે, પોતાના ભકતના સરસવ જેટલા ગુણને પણુ મેરૂ જેવડો કહી ગાઇ બતાવે છે, બહાનાંઓ બતાવીને વધારે ઉપકરણો રાખે છે, બધાય અહમિંદ્ર જેવા છે, પોતાની ગરજ પડયે તેઓ મૃદુ થાય છે અને ગરજ સરી જતાં મત્સર કરે છે, ગૃહસ્થોનું બહુમાન કરે છે, ચંદરવા પુંઠીયાંને વધારતા જાય છે, તેઓ પોતે ગૃહસ્થોની પાસે તો સ્વાધ્યાય કરે છે અને એકબીજા માંહોમાંહે લડે છે. "

છેવટે જાણે ઉપલુ વર્ણન કરતાં થાકી ગયા ન હોય તેમ શ્રી હરિભદ્રસુરિજી કહે છે કે "આ લોકો સાધુઓ નથી પણુ પેટભરાઓનું પેડું છે."

જેઓ એમ કહે છે કે 'આ લોકો ગમે તેવા છે પણુ શ્રીતીર્થંકરનો વેશ તો પહેરે છે અને વેશ પહેરે છે માટે વંદનીય છે' તેમને શ્રીહરિભદ્રસુરિજી જણાવે છે કે "તેમની એ કેવળ વેશ પહેરવાની વાત ધિક્કારને પાત્ર છે, આ માથાના શૂળની વાતોનો કોની પાસે પોકાર કરીએ. ?"

આ રીતે આચાર્ય હરિભદ્રે પોતાના સમસમયી ચૈત્યવાસીઓની દશા બતાવેલી છે અને તેમને 'નિર્લજ્જ' 'મર્યાદા વગરના' અને 'ક્રૂર' એવાં વિશેષણો આપીને ખરા રૂપમાં ખુલ્લા પાડયા છે.

ભગવાન પાર્શ્વનાથ પછી માત્ર અઢીસો વર્ષ બાદ જ એમની શ્રમણુપરંપરા આચારમાં મંદ પડી ગઇ અને તે એવી શિથિલતમ થઇ ગઇ કે એમને સાચો માર્ગ બતાવવા તથા એ સમયનું અપવિત્ર વાતાવરણુ દૂર કરવા ભગવાન મહાવીરને સિદ્ધાંતરૂપ ચાર યમોને બદલે પાંચ યમોનું વિધાન કરવું પડયું અને બીજા પણુ કેટલાક ફેરફારો કરવા પડયા. તે જ રીતે ભગવાન મહાવીરના નિર્વાણુ પછી લગભગ નવમાં સૈકામાં જે સાધુસંસ્થા કેવળ લોકોપકારને નિમિતે જ ચૈત્યોમાં વસવા આવી તે વખત જતાં ભગવાનના નિર્વાણુ પછી આશરે અગ્યારસો બારસો વર્ષ જતાં અર્થાત્ વિક્રમના આઠમાં નવમાં સૈકામાં શ્રી હરિભદ્રસુરિએ વર્ણવી તેવી લગભગ પાખંડી બની ગઇ, પરિગ્રહી બની ગઇ અને ટુંકામાં કહેવું હોય તો હવેલીના મહારાજો જેવી થઇ ગઇ.

જે બાબત પ્રસ્તુત લખાણુ ચાલે છે તે દેવદ્રવ્યનું મૂળ આ સંસ્થાની પેદાશમાં છે, આ સંસ્થાની પેદાશ પહેલાં દેવદ્રવ્યની હયાતી જૈનપરંપરામાં ક્યાંય મળતી નથી એ નક્કર હકીકત છે અને ઇતિહાસસિદ્ધ યથાર્થ છે.

અપૂર્ણ

પંડિત બેચરદાસ જીવરાજ દોશી

## દેવદ્રવ્યની રૂઢિ

(ગતાંકથી ચાલુ)

આગળ જણાવ્યું છે તે પ્રામાણે જ દાનો ચૈત્યો માટે આવ્યાં અને આવવાં શકય થયાં તે બધાની માલિકી જ્યારે ચૈત્યવાસી સાધુઓ કરવા લાગ્યા અને એ દ્રવ્યનો ઉપયોગ પોતાની અંગત મોજમજા માટે કરવા લાગ્યા અને તે એટલે સુધી કે જ્યારે તેમની એટલે ચૈત્યવાસીઓની પ્રવૃત્તિ સંઘને માટે ભયરૂપ થવા લાગી, તીર્થને માટે હાનિકાર જણાવા લાગી અને શ્રી મહાવીરનો સાચો અનુયાયી એ દુષ્ટવૃત્તિતે સાંખી ન શકે એટલી હદ સુધી એમની દશા પહોંચી ત્યારે જ આચાર્ય શ્રી હરિભદ્રે એ ચૈત્યવાસીઓની સામે પોતાનું માથું અંગત જોખમ ખેડીને પણ ઉંચકયું અને એમને એમણે તેઓ જેવા હતા તેવા રૂપમાં સ્પષ્ટપણે ઉઘાડા પાડયા અને તેમણે સાથે સાથે એમ પણ સ્પષ્ટ જણાવ્યું કે ચૈત્યોની વ્યવસ્થા માટે જે દ્રવ્ય આવે છે તે ભલે જમીન જાગીર હોય વા રોકડ નાણું હોય તે બધું જિનદ્રવ્ય છે, દેવદ્રવ્ય છે, એનો ઉપયોગ સાધુઓ પોતાના અંગત અંગ સુખવિલાસ માટે ન જ કરી શકે. એ દ્રવ્ય તો પ્રવચનની વૃદ્ધિ માટે વપરાવું જોઇએ, જ્ઞાન અને દર્શન ગુણની પ્રભાવના માટે ખરચાવું જોઇએ, એ દ્રવ્ય ઉત્તમ ગુણોનું જનક છે અને એ રીતે એ પ્રમોદજનક છે. શાસ્વતદ્રવ્ય, મંગલદ્રવ્ય અને નિધિદ્રવ્ય એ પણ એ જિનદ્રવ્યના પર્યાય શબ્દો છે. 'પ્રવચન' શબ્દનો પર્યાય અર્થ બતાવતાં એ જ આચાર્યશ્રી પોતાના પંચાશક ગ્રંથમાં જણાવે છે કે પ્રવચન એટલે ગુણના સમુદાયવાળો સંઘ અથવા તીર્થ અથવા ગુણનો સમુદાય એટલે આત્મિક ગુણો. આ માટેનુ 'તેમનું' મૂળ વચન આ પ્રમાણે છે. '**गुणसमुदाओ संघो पवयण तित्थं ति होन्ति एगट्ठा**'–(પચાશક ૮ મું, ગાથા ૩૯)

'પ્રવચન' નો સંઘ અર્થ બતાવનાર શ્રી હરિભદ્રસૂરિ 'જિનદ્રવ્ય' નો ઉપયોગ કયાં કરવો એ વિશે સ્પષ્ટ કરતા પોતાના સંબોધ પ્રકરણમાં જણાવે છે કે"

**जिणपवयणवुड्ढिकरं पभावगं नाण-दंसणगुणाणं ।**
**वुड्ढंतो जिणदव्वं तित्थयरत्तं लहइ जीओ ॥** (पृ० ४)
**पवरगुणहरिसजणयं पहाणपुरिसेहिं जं तयाहूयणं ।**
**एगाणेगोइ कयं धीरा तं बिंति जिणदव्वं ॥ गा० १५**
**मंगलदव्वं निहिदव्वं सासयदव्वं च सव्वमेगट्ठा ।**
**आसायणपरिहारा जयणाए तं खु ठायव्वं ॥ गा० १६**

અર્થાત 'જિનદ્રવ્ય વા દેવદ્રવ્ય પ્રવચનની વૃદ્ધિ કરનારૂં છે, જ્ઞાનગુણની પ્રભાવના કરનારૂં છે અને દર્શનગુણની ઉન્નતિ કરનારૂં છે. એવા જિનદ્રવ્ય કે દેવદ્રવ્યને વધારનારો જીવ તીર્થંકરદશાને પામે છે" (પૃ. ૪)

('દેવદ્રવ્ય' કે 'જિનદ્રવ્ય' શબ્દનો ભાવ થોડો ઘણો સંકુચિત લાગતો હોય કે જે દેવદ્રવ્યના વર્તમાન સંકુચિત ઉપયોગમાં નિમિત્તરૂપ બન્યો હોય એવી સમજને દૂર કરવા કેમ જાણે આચાર્ય કહેતા ન હોય એમ તેઓ 'દેવદ્રવ્ય'ના બીજા પર્યાયશબ્દો ૯૬મી ગાથામાં જણાવે છે.)

(અનુસંધાન પૃષ્ટ ૩૪૧ જુઓ)

વાપરવા લાયક કહીને વખાણેલું છે. જો દેવદ્રવ્ય કેવળ દર્શનના જ પ્રભાવ માટે વાપરવા લાયક હોત અને એવી જ રૂઢિ હોત તો શ્રી હરિભદ્ર જેવા સુવિહિત પુરૂષ ઉપર પ્રમાણે શા માટે કહેત ?

દેવદ્રવ્યને હાલ જે કેવળ એક જ ક્ષેત્રમાં વાપરવાની રૂઢિ પડી ગઈ છે તેનું કારણ કેવળ અજ્ઞાન છે અથવા દેવદ્રવ્યના વ્યાપક અર્થ તરફ લોકોએ લક્ષ્ય જ કરેલું નથી અને દેવદ્રવ્યના બીજા વ્યાપક અર્થવાળા પર્યાય શબ્દોની તો ઉપદેશકોને ભાગ્યે જ માહિતી રહી છે. **"भक्खणे देवदव्वस्स....सत्तमं निरयं जंति सत्तवारा हो गोयम!"** અર્થાત્: કોઈ ગ્રંથકારે આ વાક્ય શ્રી મહાવીર ભગવાનના મુખમાં મુકેલું છે અર્થાત તે દ્વારા કહેવરાવેલ છે કે દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી હે ગૌતમ! તે ભક્ષણ કરનારા એક વાર નહીં, બે વાર નહીં, સાતવાર સામાન્ય નરકમાં નહીં પણ સાતમી નારકીમાં જાય છે. આનો તદ્દન સ્પષ્ટ અર્થ છે અને તે એ છે કે જે લોકો દેવદ્રવ્યને ખાઈ જાય છે–હોઈયાં કરી જાય છે–પોતાના અંગત સુખભોગોમાં અને મોજમજાહમાં ઉડાવે છે તેવા લોકોને ઉદ્દેશીને એ અર્થવાદવાક્ય કહેવરાવવામાં આવેલ છે, પણ તેનો એવો અર્થ તો હરગીજ નથી કે જે લોકો સંઘના હિત માટે જ્ઞાન–વિદ્યા–ના પ્રચાર માટે દેવદ્રવ્ય વાપરનારા છે તેઓ સાતમી નરકે જાય છે. જો સંઘનું હિત કરનારા અને જ્ઞાનનો પ્રચાર કરનારા લોકો નરકે જવાના હોય તો પછી સદ્દગતિએ કોણ જશે? ઉલટું સંઘપદની આરાધના કરનારા અને જ્ઞાનપદની સેવા કરનારા તીર્થંકરગોત્ર બાંધે છે એમ સ્પષ્ટ કહેલું છે. માટે જ આચાર્ય હરિભદ્ર કહે છે કે પ્રવચનની, જ્ઞાનની અને દર્શનની વૃદ્ધિ અર્થે દેવદ્રવ્યને વાપરનારો જીવ તીર્થંકરપદને પામે છે એટલે ઉપલું ભયવાકય દેવદ્રવ્યને અનીતિથી અપ્રામાણિકપણે અને સ્વચ્છંદે ખાઈ જનારા માટે ભયદર્શક છે એમ સ્પષ્ટ છે. માટે ભોળી જનતાને એ વાત સ્પષ્ટ જણાવવી જોઈએ અને ઉપલા વાકયનો જે સ્પષ્ટ ભાવ છે તેને સ્પષ્ટ શબ્દોમાં જાહેરમાં સમજાવવો જોઈએ. મૂર્તિપૂજાની પેઠે દેવદ્રવ્યની આ રૂઢિ પણ હવે ચાલુ રહે તેમાં કશો વાંધો નથી. માત્ર તે રૂઢિને હવે આપણે વ્યાપકરૂપમાં સમજી તેનો સદુપયોગ કરવા તૈયાર થવું જોઈએ. કોઈ ત્રીજી સત્તા વચ્ચે આવે અને આપણે તેનો સદુપયોગ કરવા લાગીએ તે પહેલાં શાસ્ત્રાધાર અને અનુભવ બન્ને સાથે રાખીને આપણે તે દ્રવ્યનો વ્યાપક ઉપયોગ કરીએ તે ઘણું ઉચિત છે અને હવે તે સમય પાકી ગયો છે. હમણા નહીં ચેતીએ વા નહીં સમજીએ તો પછી ઘણું મોડું થશે અને પછી લોકો આપણી હાંસી કરશે એ યાદ રાખવાનું છે. મેં કોઈ સ્થળે એવું વાંચ્યું નથી કે દેવદ્રવ્યનો ઉપયોગ સંઘના ક્ષેત્રમાં કે વિદ્યાના ક્ષેત્રમાં થાય તો તે મહાઅનર્થરૂપ છે વા પાપરૂપ છે. જો કયાંય આવો ઉલ્લેખ હોય તો પણ આ કાળે એ ઉલ્લેખને પડતો મૂકી દેશકાળ પરિસ્થિતિ વિચારી આપણે આ રૂઢિને વ્યાપક કરી નાખવી જ જોઈએ. આપણે એવી ઘણી રૂઢિઓને સાંખી લઈએ છીએ કે જે આચારથી વિરૂદ્ધ હોય અને આપણા અનુભવથી પણ વિરૂદ્ધ હોય–જેમ કે. સાધુઓની વસતિ એવી જગ્યાએ હોય કે જ્યાં બ્રહ્મચર્યની નવ વાડો સચવાય, આ સામાન્ય નિયમ છે અને સદાચાર માટે ખાસ આવશ્યક છે ત્યારે આપણે વર્તમાન કાળની નગરોમાં તૈયાર થયેલી સાધુઓની વસતિઓ જોઈશું તો માલુમ પડશે કે ત્યાં બ્રહ્મચર્યની એ વાડો ભાગ્યે જ સચવાતી હશે. બીજું, સાધુઓ પોતાની ભિક્ષા બેતાલીશ દોષ રહિત લે એ તેના સંયમ માટે આવશ્યક અંગ છે ત્યારે વર્તમાનમાં એ બેંતાલીશ દોષ રહિત ભિક્ષા કોઈ લઈ શકે છે ખરૂં ? અત્યારે તો ન્યાયોપર્જિત ધનથી પેદા થયેલ અન્નની ભિક્ષા પણ દુર્લભ છે, ત્યાં બેંતાલીશ દોષને વર્જવાની વાત કયાં કરવી ? સાધુઓની પેઠે આપણા શ્રાવકના પણ ઘણા આચારોની રૂઢિ બદલાઈ ગઈ છે. માર્ગાનુસારીનો પ્રથમ ગુણ ન્યાયસંપન્ન વિભવ એ અત્યારે જે વધારે ટકા દેખાવો જોઈએ તે દેખાય છે ખરો ? જ્યાં આ પ્રથમ ગુણ નથી ત્યાં જૈનધર્મ વા શ્રાવકધર્મ સંભવે ખરો ? આમ આપણે અનેક રૂઢિઓને બદલી કાઢીને વર્તીએ છીએ તો પછી જેને નહીં બદલવાથી આપણી પોતાની હાનિ થાય છે અને દેવદ્રવ્યનો સદુપયોગ થવામાં બાધા આવે છે તેવી દેવદ્રવ્યની રૂઢિને આપણે શા માટે ન બદલીએ ? આ રૂઢિને બદલવા માટે શાસ્ત્રનાં પણ વચનો મેં આગળ ટાંકી બતાવેલ છે એટલે એને બદલવા માટે શાસ્ત્રનો તો બાધ જ નથી તેમ અનુભવ પણ બદલવાની જ તરફેણમાં છે. વળી શ્રાદ્ધવિધિ વગેરે ગ્રંથો પણ દેવદ્રવ્યની ચાલુ રૂઢિને બદલવાની તરફેણમાં છે. છતાં મને ખબર નથી પડતી કે આપણા આગેવાનો જેઓ કુશળ વ્યાપારી છે, દેશવિદેશને ખેડનારા છે તેઓ સમાજનાં દરેક અંગોનો વિકાસ થાય તેવું ઇચ્છનારા છે તો પણ દેવદ્રવ્યની રૂઢિને બદલવા તરફ વા તેને વ્યાપક બનાવવા તરફ કેમ ધ્યાન નહીં આપતા હોય ?

આનું ખરૂં કારણ તેઓ શાસ્ત્રવચનથી બીતા હોય એમ જણાય છે. તેઓનો અનુભવ આ હકીકતને સ્પષ્ટપણે જણાવે છે. છતાં કેવળ શાસ્ત્રવચન જ તેમને ભારે ભયરૂપ હોય એમ મારી કલ્પના છે. પણ મેં આ વિશે ઉપર સ્પષ્ટ શબ્દમાં જણાવેલ છે કે શાસ્ત્ર તો ત્યાં ભય બતાવે છે જ્યાં અનીતિથી દેવદ્રવ્યને ચાવી જવાતું હોય, પણ જ્યાં દેવદ્રવ્યનો સંઘહિત કે વિદ્યાપ્રચાર જેવા તીર્થંકર થવાનાં નિમિત્તરૂપ કાર્યોમાં ઉપયોગ થતો હોય ત્યાં તો કશો ભય જ નથી. ઉલટું શાસ્ત્ર તો એવાં કામોને કરવા કરાવવા વિશેષ પ્રોત્સાહન આપે છે. પણ વાત એમ છે કે એ સદ્દગૃહસ્થો શાસ્ત્રની ભાષા ખુદ પોતે ઘણી ઓછી જાણે છે, જેઓ થોડી ઘણી જાણતા હોય તેઓ તેના મર્મને પામી શકતા નથી, જેઓ મર્મને પામી શકવા જેટલા નિપુણ છે તેમને એ સમજવાનો અવકાશ પણ કયાં છે અને ઉપદેશકો કેવળ સંકુચિત માનસ ધરાવતા હોવાથી શાસ્ત્રના મર્મને સ્પષ્ટ કરવા તૈયાર નથી. માટે જ હું નમ્રપણે સૂચવું છું કે સંઘમાં વિદ્યાનો પ્રચાર કરો, સંઘની એક એક વ્યક્તિને શાસ્ત્રને સમજી શકે એવી રીતે તૈયાર કરો અને સંઘના તમામ અંગોનો વિકાસ થાય એ અર્થે ભેગા થયેલા દેવદ્રવ્યનો ઉપયોગ કરવાનું શરૂ કરી દ્યો!

છેવટ એક વાત સમજી લેવાની જરૂર છે કે આપણે જ્યાં ત્યાં શાસ્ત્રનું નામ લઈને પ્રતિબંધો લગાવીએ તે કરતાં એ પ્રતિબંધન કયાં કેટલું ઉચિત છે તે ખાસ વિચારાવું જોઈએ. શાસ્ત્ર કરતાંય દેશકાળ, પરિસ્થિતિ અને અનુભવ વિશેષ બળવાન છે એ હવે ભૂલવા જેવું નથી. શાસ્ત્ર શાસ્ત્ર કરતાં આપણે એક રીતે શાસ્ત્રની વિરાધના કરતાં પણ ચૂકતા નથી અને અક્ષરના દાસ બની જઈએ છીએ. માટે આપણા સંઘના નાયકોને મારી વિનંતિ છે કે તેઓ આ દેવદ્રવ્યની રૂઢિનો વ્યાપક ઉપયોગ કરવા જેટલા ઉદાર થાય. શાસનદેવ સૌને સન્મતિ આપે!

સમાપ્ત **પંડિત બેચરદાસ જીવરાજ દોશી**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ. ૨